ભાવનગર

# બ્લડ બેન્ક

## ન્યુઝ મેગેઝીન

વર્ષ–૧૪ । અંક–૬૬ । જુલાઇ ૨૦૧૫



ચેરમેનશ્રી
ડૉ. નિલુ વૈષ્ણવ

ટ્રસ્ટીશ્રીઓ

શ્રી સંજયભાઇ દેસાઇ
શ્રી જયંતભાઇ શાહ
શ્રી અચ્યુતભાઇ મહેતા
શ્રી પ્રદિપભાઇ દેસાઇ
શ્રી વી. એમ. ધાનક
શ્રી સુરેન્દ્રભાઇ મોદી
શ્રી પંકજકુમાર મુંજાણી
શ્રી બિપીનભાઇ મહેતા
પ્રમુખશ્રી, ગુજ. શીપ બ્રેકર્સ એસો.

# શ્રધ્ધાંજલી

ભાવનગર બ્લડ બેન્કના ટ્રસ્ટી શ્રી પ્રદીપભાઈ દેસાઈના પિતાશ્રી હરકાંતભાઈ દેસાઈના સ્વર્ગવાસથી ભાવનગરની જાહેર જનતાને ન પુરાય તેવી ખોટ પડેલ છે. તેઓ ભાવનગરના સંનિષ્ઠ લોકસેવક ઉપરાંત સરદાર સ્મૃતિ અને ફેમીલી પ્લાનીંગ એસોસિએશનની પ્રવૃતિમાં અગ્રેસર રહેલ છે. ઈશ્વર તેમના આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

ભાવનગર બ્લડ બેન્કના શુભચિંતક / દાતા શ્રી અક્ષયભાઈ ઓઝાની આકસ્મિક ચિર વિદાયથી ભાવનગર બ્લડ બેન્કે એક આત્મીય સ્વજન ગુમાવેલ છે. તેવો એક નિડર, બાહોશ, સ્પષ્ટ વકતા, અગ્રણી ધારાશાસ્ત્રી અને સામાજિક સંસ્થાઓના પ્રેરણાદાયી સ્વજન હતા. ભાવનગર બ્લડ બેન્કનો તેઓની સાથે આત્મિયસભર નાતો હતો. પરમકૃપાળુ પરમાત્મા સ્વર્ગસ્થને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના.



ભાવનગર બ્લડ બેન્કના ટ્રસ્ટી અને અગ્રણી યુનિયન લીડર, સામાજિક સંસ્થાના ઉત્કર્ષ માટે હંમેશા તત્પર રહેતા શ્રી સુરેશભાઈ બુચના અવસાનથી ભાવનગર બ્લડ બેન્ક પરિવાર દુઃખની લાગણી અનુભવે છે. આદરણીય શ્રી સુરેશભાઈની આકસ્મિક ચિર વિદાયથી સંસ્થાએ આત્મીય સ્વજનને ગુમાવેલ છે. તેઓ નિડર / બાહોશ અને સ્પષ્ટ વકતા હતા. દરેક નાના મોટા પ્રસંગોમાં તેઓની સુઝ-બુઝ અને ચોકસાઈથી આ સંસ્થાને ખૂબજ ઉત્તમ પ્રતિનિધિત્વ પુરું પાડેલ છે.

માનનીય શ્રી સુરેશભાઈ બુચના સતત ૧ વર્ષના પ્રયાસ અને થેલેસીમીયા જેવા રોગમાં તેઓનો બહોળો અભ્યાસ સાથે જાણકારી મેળવી, આ રોગ અંગેના જુદા જુદા તબીબો, હોસ્પિટલો તથા દર્દીઓ સાથેના સંવાદો અને માહિતીના સંકલનના કારણે ભાવનગર બ્લડ બેન્કે એક અદ્યતન સેવાનો ઝરૂખો "આર.વી. શાહ થેલેસીમીયા સેન્ટર" ઉભો કરેલ છે.

તેઓએ બ્લડ બેન્ક ઉપરાંત ભાવનગરની નાની મોટી સંસ્થાઓમાં પણ માનદ્ સેવાઓ આપેલ છે.

તેઓ બેન્કીંગ ક્ષેત્રના એક અગ્રણી ઉપરાંત કોમ્યુનીકેશન, મોટીવેશન તથા રકતદાન, થેલેસીમીયા ઈકોનોમીકસ વિગેરે વિષયમાં એક સારા તજજ્ઞ હતા. તેઓની ખોટ સદાય ભાવનગરની સામાજિક સંસ્થાઓ અને બેન્કીંગ ક્ષેત્રે રહેશે.

તેમના પરિવારમાં સ્વજન ગુમાવવાની ખોટ સદાય સાલશે, પરંતુ આખરે ઈશ્વર બળવાન છે. સ્વર્ગસ્થના પરિવારજનોને દુઃખ સહન કરવાની શકિત પરમકૃપાળુ આપે અને સદ્ગતના આત્માને પ્રભુ ચીર શાંતી અર્પે એ જ અભ્યર્થના સહ...

ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...



# ભાવનગર બ્લડ બેન્કની હર હંમેશ રકતની મદદ કરનાર સંસ્થાઓ

**૦૨.૦૪.૨૦૧૫** ના રોજ કે.આર. દોશી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા બ્લડ ડોનેશન શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૯ વિદ્યાર્થીઓએ રકતદાન કરી ઉમદા માનવ સેવા બજાવેલ. રકતદાન શિબિરને સફળ બનાવવા શ્રી જીગરભાઈ પંડયા તથા વિદ્યાર્થીઓએ ખૂબ જહેમત ઉઠાવેલ.

**૦૪.૦૪.૨૦૧૫ :** હનુમાન જયંતિ નિમિત્તે ઝાંઝરીયા હનુમાન મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૯૨ ભાવિકભકતોએ રકતદાન કરી હનુમાન જયંતિની ઉજવણી કરેલ. આ શિબિરને સફળ બનાવવા મહંતશ્રી તથા ચંદુભા રઘુવીરસિંહ તથા ભાવિકભકતજનોએ ખૂબજ મહેનત કરેલ.

**૧૨.૦૪.૨૦૧૫** ના રોજ દર વર્ષની જેમ શ્રી સીમંધર સ્વામી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન ટ્રસ્ટ દ્વારા આ વર્ષે પણ રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમા ૧૨૦ ભાઈ-બહેનોએ રકતદાન કરી ઉમદા માનવ સેવા બજાવેલ. આ શિબિરને સફળ બનાવવા શ્રી જગતભાઈ શાહ અને ટ્રસ્ટના સભ્યશ્રીઓએ ખૂબજ જહેમત ઉઠાવેલ.

**૧૨.૦૪.૨૦૧૫** ના રોજ હર્ષ ડોડીયાની શ્રધ્ધાંજલી નિમિત્તે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૨૪ ભાઈઓ તથા બહેનોએ રકતદાન કરી સ્વર્ગસ્થને શ્રધ્ધાંજલી પાઠવેલ. આ શિબિરને સફળ બનાવવા શ્રી યશ કંકોસીયા તથા ડોડીયા પરિવાર મિત્ર મંડળે જહેમત ઉઠાવેલ.

**૧૯.૦૪.૨૦૧૫** ના રોજ યશવંતરાય નાટ્યગૃહ ખાતે બજરંગદાસ બાપા યુવા ગૃપ દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. ૭૫ ભાઈઓ તથા બહેનોએ રકતદાન કરેલ. આ કેમ્પને સફળ બનાવવા શ્રી અનીલભાઈ પંડયા તથા શ્રી બજરંગદાસ બાપા ગૃપ દ્વારા ખૂબ જ જહેમત ઉઠાવેલ.

**૦૨.૦૫.૨૦૧૫** ના રોજ શ્રી આર.જે. એચ. હાઈસ્કૂલ ઢસા ખાતે નેપાળના ભૂકંપગ્રસ્ત લોકોને શ્રધ્ધાંજલી પાઠવવા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમા ૩૩ ભાઈઓ તથા બહેનોએ રકતદાન કરી નેપાળના ભૂકંપગ્રસ્ત લોકોને શ્રધ્ધાંજલી પાઠવેલ. આ કેમ્પને સફળ બનાવવા ઢસા ગામના આગેવાનો, શિક્ષણાધિકારી, સમાજ સેવકો તથા પ્રિન્સીપાલ, શિક્ષકગણો એ ખૂબજ જહેમત ઉઠાવેલ.

**૦૩.૦૫.૨૦૧૫** ના રોજ નસરતપુરી પંચાયત મંડળ દ્વાર મંગળા માતાજીના મંદિર પાસે સિંધી સમાજ દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવેલ. ૨૪ ભાઈઓ તથા બહેનોએ રકતદાન કરેલ. આ કેમ્પને સફળ બનાવવા શ્રી ભાવેશભાઈ ગાગવાણી અને નિરજ ગાગવાણીએ ખૂબજ જહેમત ઉઠાવેલ.

**૦૭.૦૫.૨૦૧૫** ના રોજ ભારોલી મુકામે માતાજીના માંડવાની સાથોસાથ રકતદાન કેમ્પનું આયોજન ભારોલી પ્રાથમિક શાળામાં કરવામાં આવેલ જેમાં ૨૨ ભાઈઓ તથા બહેનોએ રકતદાન કરી એક ઉમદા નાગરીક સેવાની ફરજ બજાવેલ. આ કેમ્પને સફળ બનાવવા શાળાના પ્રિન્સીપાલશ્રી, સરપંચશ્રી, આગેવાનો તથા મહેન્દ્રસિંહ ગોહિલ એ ખૂબજ જહેમત ઉઠાવેલ.

**૦૮.૦૫.૨૦૧૫** ના રોજ એક્સેલ નવાગામ ખાતે થેલેસીમીયા મેજર બાળકો માટે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૫૫ કર્મચારીઓએ રકતદાન કરી ઉમદા નાગરીક તરીકેની ફરજ બજાવેલ. આ કેમ્પને સફળ બનાવવા શ્રી નીલાબેન ભટ્ટ અને સતીષભાઈ મહેતાએ ખૂબજ જહેમત ઉઠાવેલ.

**૦૯.૦૫.૨૦૧૫** ના રોજ મધુસીલીકા પ્રા.લી. કંપની દ્વારા થેલેસીમીયા મેજર બાળકો માટે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમા ૪૧ કારીગરો તથા સ્ટાફના કર્મચારીઓ રકતદાન કરેલ. આ કેમ્પને સફળ બનાવવા શ્રી શૈલેષભાઈ મહેતા અને શ્રી જયદેવભાઈ પરમારે ખૂબજ મહેનત કરેલ.

**૧૦.૦૫.૨૦૧૫** ના રોજ પાટોત્સવ નિમિત્તે શ્રી ગોવર્ધનનાથજીની હવેલીમાં રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૦ ભાવિકભકતોએ રકતદાન કરેલ. આ કેમ્પને સફળ બનાવવા બ્લડ બેન્કના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અચ્યુતભાઈ મહેતાએ જહેમત ઉઠાવેલ.

**૧૩.૦૫.૨૦૧૫** ના રોજ આર્ટ ઓફ લિવિંગ દ્વારા આનંદ વાટીકા

પરિમલ ખાતે શ્રી રવીશંકર મહારાજના જન્મ દિવસ નિમિત્તે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૩૨ ભાઈઓ તથા બહેનોએ રકતદાન કરેલ. આ કેમ્પને સફળ બનાવવા ડૉ. શશીન ત્રિવેદી તથા આર્ટ ઓફ લિવિંગ પરિવારે ખૂબજ જહેમત ઉઠાવેલ.

**૧૪.૦૫.૨૦૧૫** ના રોજ વેસ્ટર્ન રેલ્વે મજદૂર સંઘ દ્વારા થેલેસીમીયા મેજર બાળકો માટે રકતદાન કેમ્પનું આયોજન યુનિયન ઓફિસ ખાતે કરવામાં આવેલ. જેમાં ૩૧ ભાઈઓએ રકતદાન કરેલ. આ કેમ્પને સફળ બનાવવા શ્રી કાબર સાહેબ, શ્રી રફિકભાઈ મલેક તથા અન્ય સ્ટાફ મિત્રોએ ખૂબજ જહેમત ઉઠાવેલ.

**૧૭.૦૫.૨૦૧૫** લોહાણા સમાજની વાડી, કાજીવાડ ખાતે શ્રી સુમીથભાઈ ઠકકર દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૩૦ ભાઈઓ તથા બહેનોએ રકતદાન કરેલ.

**૨૧.૦૫.૨૦૧૫** ના રોજ ચિત્રા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા ચિત્રા જી.આઈ.ડી.સી. ખાતે રકતદાન કેમ્પનું આયોજન થેલેસીમીયા મેજર બાળકો માટે કરવામાં આવ્યું. જેમાં ૮૫ ભાઈઓ તથા બહેનોએ રકતદાન કરી બાળકોને નવજીવન આપવામાં બદદરૂપ બન્યા છે. આ કેમ્પને સફળ બનાવવા એસોસિએશનના પ્રમુખ શ્રી પંકજભાઈ પંડયા, શ્રી દિલીપભાઈ કામાણી, શ્રી તારકભાઈ ધોળકીયાએ ખૂબજ જહેમત ઉઠાવેલ.

**૨૩.૦૫.૨૦૧૫** ના રોજ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા કાળાનાળા શાખા ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ રકતદાન કેમ્પમાં ૧૨ વ્યકિતઓએ રકતદાન કરેલ. આ કેમ્પને સફળ બનાવવા શાખા મેનેજરશ્રી એસ.એમ. અવાસીયાએ ખૂબજ જહેમત ઉઠાવેલ.

**૨૪.૦૫.૨૦૧૫** ના રોજ ખોજા શીયા ઈત્ના અસરી જમાત દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૪૧ ભાઈઓ તથા બહેનોએ રકતદાન કરેલ. આ કેમ્પને સફળ બનાવવા સજ્જાદભાઈ ભોજાણી અને મહંમદભાઈ રત્નાણી તથા ખોજા સમાજે ખૂબજ જહેમત ઉઠાવેલ.

**૨૭.૦૫.૨૦૧૫** ના રોજ સ્વ. રાહુલ રાજયગુરુની પૂણ્યતિથિ નિમિત્તે રકતદાન કેમ્પનું આયોજન રાહુલ સોશ્યલ ગ્રુપ દ્વારા કરવામાં આવેલ. જેમાં ૨૭ ભાઈઓએ રકતદાન કરેલ. આ કેમ્પને સફળ બનાવવા ભાવેશ રાજયગુરૂએ જહેમત ઉઠાવેલ.

**૧૪.૦૬.૨૦૧૫** ના રોજ વિશ્વ રકતદાતા દિવસ નિમિત્તે નેસડા ગામે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૭૮ ભાઈઓએ રકતદાન કરી વિશ્વ રકતદાતા દિવસની ઉજવણી કરી. આ કેમ્પને સફળ બનવવા સરપંચ શ્રી હરેશભાઈ હુબલ તથા સમસ્ત નેસડા ગામના આગેવાનોએ ખૂબજ જહેમત ઉઠાવેલ.

**૧૯.૦૬.૨૦૧૫** ના રોજ થેલેસીમીયા મેજર બાળકો માટે અગ્રવાલ હોલ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ કેમ્પમાં ૩૪ ભાઈઓ તથા બહેનોએ રકતદાન કરી થેલેસીમીયાગ્રસ્ત બાળકોની જીંદગી બચાવવા મદદરુપ બન્યા છે. આ કેમ્પને સફળ બનાવવા શ્રી મુકેશભાઈ ગુપ્તાએ ખૂબજ જહેમત ઉઠાવેલ.

**૨૧.૦૬.૨૦૧૫** ના રોજ જૈન જાગૃતિ સેન્ટર દ્વારા સ્વ. મનોજભાઈ એચ. શેઠના આત્મશ્રેયાર્થે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૭૫ ભાઈઓ તથા બહેનોએ રકતદાન કરેલ. રકતદાન કેમ્પને સફળ બનાવવા શ્રી કિર્તિભાઈ સખપરા તથા જૈન જાગૃતિ સેન્ટરના હોદ્દેદારોએ ખૂબજ જહેમત ઉઠાવેલ.

**૨૧.૦૬.૨૦૧૫** ના રોજ વઘાસીયા પરિવાર દ્વારા ૧૨માં સ્નેહમિલન તથા ઈનામ વિતરણ કાર્યક્રમ દરમિયાન રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ કેમ્પમાં ૫૫ ભાઈઓ તથા બહેનોએ રકતદાન કરી ઉમદા નાગરીકની સેવા બજાવેલ. આ કેમ્પને સફળ બનાવવા શ્રી રમેશભાઈ વઘાસીયા તથા વઘાસીયા પરિવારે ખૂબજ જહેમત ઉઠાવેલ.

**૨૧.૦૬.૨૦૧૫** ના રોજ ભા.જ.પા. યુવા મોરચા ફુલસર વોર્ડ દ્વારા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ. ૫૨ રકતદાતાઓએ રકતદાન કરેલ. પાર્થ દવેના નેતૃત્વ નીચે મોરચાના કાર્યકર મિત્રોએ રકતદાન કરી પંડીત દિનદયાળ શર્માને શ્રધ્ધાંજલી અર્પણ કરેલ.

રક્તની અછતને પહોંચી વળવા ભાવનગર બ્લડ બેન્કનું મોબાઈલ વાન દરેક વિસ્તારમાં સમયાનુસાર પહોંચે છે. દરેક વિસ્તારમાં લોકોને સમજાવી રક્ત એકત્ર કરતું હોય છે. આ રીતે જે જે પીકઅપ પોઈન્ટ ઉપરથી રક્ત મળેલ, તેની વિગત નીચે મુજબ છે :

| ક્રમ | તારીખ | સ્થળ | ઓર્ગેનાઈઝર | આવેલ યુનિટ |
|---|---|---|---|---|
| ૧ | ૦૧.૦૪.૨૦૧૫ | જ્ઞાનજ્યોત પ્રાથમિક શાળા | શ્રી વિમલભાઈ બારૈયા | ૧૧ |
| ૨ | ૦૫.૦૪.૨૦૧૫ | મોતીબાગ ટાઉનહોલ | શ્રી સુમીતભાઈ ઠક્કર | ૦૫ |
| ૩ | ૦૭.૦૪.૨૦૧૫ | સ્ટર્લીંગ હોસ્પિટલ | શ્રી ડૉ. રાકેશ પટેલ | ૦૯ |
| ૪ | ૦૯.૦૪.૨૦૧૫ | એકવાજેલ પ્રા.લી., નવાગામ | શ્રી વિક્રમભાઈ ઠક્કર | ૧૫ |
| ૫ | ૦૯.૦૪.૨૦૧૫ | બી.પી.ટી.આઈ. હોસ્ટેલ | દિપકભાઈ બારૈયા | ૨૧ |
| ૬ | ૨૦.૦૪.૨૦૧૫ | હરિદર્શન, કુમુદવાડી | શ્રી ભનાજીભાઈ | ૧૩ |
| ૭ | ૨૯.૦૪.૨૦૧૫ | સિધ્ધી વિનાયક મંદિર, કાળીયાબીડ | | ૧૪ |
| ૮ | ૩૦.૦૪.૨૦૧૫ | કુમુદવાડી હિરાઉદ્યોગ | શ્રી પંકજભાઈ મુંજાણી | ૨૫ |
| ૯ | ૦૧.૦૫.૨૦૧૫ | અનંતવાડી | શ્રી રાજેશભાઈ બંસલ | ૧૮ |
| ૧૦ | ૦૪.૦૫.૨૦૧૫ | સિધ્ધી વિનાયક મોટર્સ, નવાગામ | શ્રી પ્રકાશભાઈ ધાંધલ્યા | ૧૭ |
| ૧૧ | ૧૫.૦૫.૨૦૧૫ | વાણંદ સમાજ, ભરતનગર | શ્રી જે. બી. રાઠોડ | ૦૬ |
| ૧૨ | ૧૭.૦૫.૨૦૧૫ | ભકિત શેરી, નિર્મળનગર | શ્રી સુભાષભાઈ પટેલ, શ્રી કરણભાઈ પરમાર | ૧૩ |
| ૧૩ | ૦૧.૦૬.૨૦૧૫ | પટેલ કમ્પ્યુટર્સ, લીંબડીયુ | શ્રી કરણભાઈ સોલંકી | ૧૨ |
| ૧૪ | ૦૪.૦૬.૨૦૧૫ | ટોપ શ્રી સાંઈબાબા મંદિર | શ્રી રામભાઈ | ૧૦ |
| ૧૫ | ૦૫.૦૬.૨૦૧૫ | કરદેજ | શ્રી લક્ષ્મણભાઈ ડાંગર | ૦૯ |
| ૧૬ | ૦૬.૦૬.૨૦૧૫ | યુનિવર્સિટી ગ્રાઉન્ડ | શ્રી અલ્પેશભાઈ | ૧૩ |
| ૧૭ | ૦૬.૦૬.૨૦૧૫ | ઝાંઝરીયા હનુમાન | મહંતશ્રી, ઝાંઝરીયા હનુમાન | ૧૧ |
| ૧૮ | ૧૦.૦૬.૨૦૧૫ | ઈટરનલ મોટર્સ, ચિત્રા | શ્રી સુબોધભાઈ જૈન, શ્રી દશરથભાઈ રાઠોડ | ૨૭ |
| ૧૯ | ૨૦.૦૬.૨૦૧૫ | મારૂતી કોમ્પલેકસ, ઘોઘા રોડ | કલ્પેશભાઈ પટેલ | ૨૫ |
| ૨૦ | ૨૫.૦૬.૨૦૧૫ | બાલયોગીનગર, ઘોઘા રોડ | શ્રી અજયસિંહ સોલંકી | ૦૯ |
| ૨૧ | ૨૯.૦૬.૨૦૧૫ | સિધ્ધી હોન્ડા | શ્રી પૃથ્વીરાજ ચુડાસમા | ૧૭ |

થેલેસીમીયાગ્રસ્ત બાળકો માટે થેલેસીમીક બાળકોના માતા-પિતા દ્વારા આયોજિત રકતદાન કેમ્પ

| ક્રમ | તારીખ | સ્થળ | ઓર્ગેનાઈઝર | આવેલ યુનિટ |
|---|---|---|---|---|
| ૧ | ૦૪.૦૪.૨૦૧૫ | મારૂતીનંદન યુવા ગ્રુપ | શ્રી નિલેષભાઈ શાહ | ૨૬ |
| ૨ | ૧૮.૦૫.૨૦૧૫ | ભાવનગર બ્લડ બેન્ક | ઈશા અને શાહિદ | ૧૭ |
| ૩ | ૨૩.૦૫.૨૦૧૫ | ક્રિકેટ ટુર્નામેન્ટ - ગધેડીયા | શ્રી પંકજભાઈ રાઠોડ | ૧૧ |
| ૪ | ૨૫.૦૫.૨૦૧૫ | અજય સોસાયટી, પોલીસ કવાર્ટર | શ્રી પંકજભાઈ રાઠોડ | ૧૦ |
| ૫ | ૩૧.૦૫.૨૦૧૫ | ભાવનગર રાજપૂત સમાજ સાર્વજનિક ટ્રસ્ટ, નવાપરા | શ્રી પંકજભાઈ રાઠોડ | ૪૫ |
| ૬ | ૦૫.૦૬.૨૦૧૫ | સ્કાઈલેન્ડ ઈન્ફોટેક, ખારગેટ | સોનલબેન શાહ / આકાશભાઈ શાહ | ૨૩ |
| ૭ | ૦૭.૦૬.૨૦૧૫ | સિંધી સમાજ, પાલીતાણા | શ્રી સતરામ ધોમજાણી | ૭૪ |

# એપ્રિલ-૨૦૧૫ થી જુન-૨૦૧૫ દરમિયાન યોજાયેલ રકતદાન કેમ્પ

| કેમ્પ તારીખ | રકતદાન કેમ્પ આયોજક | સ્થળ | યુનિટ |
|---|---|---|---|
| | **એપ્રિલ-૨૦૧૫** | | |
| ૦૧.૦૪.૨૦૧૫ | જ્ઞાનજયોત પ્રાથમિક શાળા | ફુલસર, ભાવનગર | ૧૧ |
| ૦૨.૦૪.૨૦૧૫ | કે. આર. દોશી એમ.એસ.ડબલ્યુ. કોલેજ, સરદારનગર | ભાવનગર | ૧૬ |
| ૦૪.૦૪.૨૦૧૫ | શ્રી ઝાંઝરીયા હનુમાન મિત્ર મંડળ | અઘેવાડા, ભાવનગર | ૯૧ |
| ૦૪.૦૪.૨૦૧૫ | મારૂતીનંદન યુવક ગ્રુપ | ભરતનગર, ભાવનગર | ૨૬ |
| ૦૭.૦૪.૨૦૧૫ | સ્ટર્લીંગ હોસ્પિટલ, ઈસ્કોન મેગા સીટી | ભાવનગર | ૦૯ |
| ૦૯.૦૪.૨૦૧૫ | એકવાજેલ કાં. | નવાગામ, ભાવનગર | ૧૫ |
| ૦૯.૦૪.૨૦૧૫ | બી.પી.ટી.આઈ. હોસ્ટેલ, વિજયરાજનગર | ભાવનગર | ૨૧ |
| ૧૨.૦૪.૨૦૧૫ | શ્રી યશભાઈ કંકોસીયા | કાળીયાબીડ, ભાવનગર | ૨૪ |
| ૧૨.૦૪.૨૦૧૫ | શ્રી સીમંધર સ્વામી સ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન ટ્રસ્ટ | ક્રેસન્ટ, ભાવનગર | ૧૨૦ |
| ૧૯.૦૪.૨૦૧૫ | શ્રી બજરંગદાસબાપા યુવા ગ્રુપ | ડાયમંડ ચોક, ભાવનગર | ૭૫ |
| ૨૦.૦૪.૨૦૧૫ | હરીદર્શન ડાયમંડ | કુમુદવાડી, ભાવનગર | ૧૩ |
| ૨૩.૦૪.૨૦૧૫ | સિધ્ધીવિનાયક મંદિર | કાળીયાબીડ, ભાવનગર | ૧૪ |
| ૩૦.૦૪.૨૦૧૫ | પંકજભાઈ મુંજાણી | કુમુદવાડી, ભાવનગર | ૨૫ |
| | **મે-૨૦૧૫** | | |
| ૦૧.૦૫.૨૦૧૫ | શ્રી રાજેશભાઈ બંસલ અને શ્રી અનીલભાઈ અગ્રવાલ | અનંતવાડી, ભાવનગર | ૧૮ |
| ૦૨.૦૫.૨૦૧૫ | શ્રી આર.જે.એચ. હાઈસ્કૂલ | ઢસા, જી.ભાવનગર | ૩૩ |
| ૦૩.૦૫.૨૦૧૫ | શ્રી નસરપુરી પંચાયત મંડળ | આંબાવાડી, ભાવનગર | ૨૪ |
| ૦૪.૦૫.૨૦૧૫ | સિધ્ધી વિનાયક મોટર્સ | નવાગામ રોડ,ભાવનગર | ૧૫ |
| ૦૭.૦૫.૨૦૧૫ | શ્રી મહેન્દ્રસિંહ ગોહિલ | ભારોલી, જી.ભાવનગર | ૧૯ |
| ૦૮.૦૫.૨૦૧૫ | એક્સીલ લી. | નવાગામ, ભાવનગર | ૫૫ |
| ૦૯.૦૫.૨૦૧૫ | મધુસીલીકા | ચિત્રા, ભાવનગર | ૪૧ |
| ૧૦.૦૫.૨૦૧૫ | શ્રી ગોવર્ધનનાથજી હવેલી, | પરીમલ, ભાવનગર | ૧૦ |
| ૧૩.૦૫.૨૦૧૫ | આર્ટ ઓફ લિવીંગ | ભાવનગર | ૩૨ |
| ૧૪.૦૫.૨૦૧૫ | વેસ્ટર્ન રેલ્વે એમ્પ્લોઈઝ યુનિયન | ભાવનગરપરા | ૩૧ |
| ૧૭.૦૫.૨૦૧૫ | શ્રી સુમીતભાઈ ઠક્કર | કાળીયાબીડ, ભાવનગર | ૩૦ |
| ૧૭.૦૫.૨૦૧૫ | શ્રી સુભાષભાઈ પટેલ | નિર્મળનગર, ભાવનગર | ૧૩ |
| ૧૮.૦૫.૨૦૧૫ | ઈશા અને શાહીદ | સરદારનગર, ભાવનગર | ૧૩ |
| ૨૩.૦૫.૨૦૧૫ | શ્રી પંકજભાઈ રાઠોડ | જવાહર મેદાન, ભાવનગર | ૧૧ |
| ૨૩.૦૫.૨૦૧૫ | ચિત્રા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન | ભાવનગર | ૮૫ |
| ૨૩.૦૫.૨૦૧૫ | સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, કાળાનાળા શાખા | ભાવનગર | ૧૬ |
| ૨૪.૦૫.૨૦૧૫ | ભાવનગર ખોજા શીયા ઈત્ના અસેરી જમાત | આંબાચોક, ભાવનગર | ૧૫૭ |
| ૨૭.૦૫.૨૦૧૫ | રાહુલ સોશ્યલ ગ્રુપ | પ્રભુદાસ તળાવ, ભાવનગર | ૨૬ |
| ૨૮.૦૫.૨૦૧૫ | રેનાઈસન્સ જવેલરી | હીલડ્રાઈવ,ભાવનગર (ગ્રુપીંગ) | ૩૦૪ |
| ૩૧.૦૫.૨૦૧૫ | શ્રી ભાવનગર રાજપુત સમાજ સાર્વજનિક ટ્રસ્ટ | નવાપરા, ભાવનગર | ૪૫ |

## માર્ચ-૨૦૧૫ થી મે-૨૦૧૫ દરમિયાન યોજાયેલ રકતદાન કેમ્પ

| કેમ્પ તારીખ | રકતદાન કેમ્પ આયોજક | સ્થળ | યુનિટ |
|---|---|---|---|
| | **જુન-૨૦૧૫** | | |
| ૦૧.૦૬.૨૦૧૫ | પટેલ કમ્પ્યુટર્સ | ઘોઘા સર્કલ, ભાવનગર | ૧૨ |
| ૦૪.૦૬.૨૦૧૫ | શ્રી રામભાઈ હમીરભાઈ | તળાજા રોડ, ભાવનગર | ૧૦ |
| ૦૫.૦૬.૨૦૧૫ | સ્કાઈલેન્ડ ઈન્ફોટેક | ભાવનગર | ૨૫ |
| ૦૫.૦૬.૨૦૧૫ | શ્રી લક્ષ્મણભાઈ પી. ડાંગર | કરદેજ, જી.ભાવનગર | ૦૯ |
| ૦૬.૦૬.૨૦૧૫ | ભાવનગર યુનિવર્સિટી કેમ્પસ | ભાવનગર | ૧૩ |
| ૦૬.૦૬.૨૦૧૫ | શ્રી રાજુભાઈ નાથાભાઈ | ઝાંઝરીયા હનુમાન, ભાવનગર | ૧૧ |
| ૦૭.૦૬.૨૦૧૫ | સિંધી સમાજ | સિંધુનગર, ભાવનગર | ૭૪ |
| ૧૦.૦૬.૨૦૧૫ | મારૂતી શો-રૂમ | ચિત્રા, ભાવનગર | ૨૭ |
| ૧૨.૦૬.૨૦૧૫ | મેકસ લાઈફ ઈન્સ્યોરન્સ | ભાવનગર | ૧૭ |
| ૧૪.૦૬.૨૦૧૫ | હરીશભાઈ હુમ્બલ | નેસડા, જી.ભાવનગર | ૭૮ |
| ૧૯.૦૬.૨૦૧૫ | ગુપ્તા ફેમીલી | હીલડ્રાઈવ, ભાવનગર | ૩૪ |
| ૨૦.૦૬.૨૦૧૫ | શ્રી કલ્પેશભાઈ પટેલ | ઘોઘા રોડ, ભાવનગર | ૨૫ |
| ૨૧.૦૬.૨૦૧૫ | જૈન જાગૃતિ સેન્ટર | સંસ્કાર મંડળ, ભાવનગર | ૭૫ |
| ૨૧.૦૬.૨૦૧૫ | ભારતીય જનતા પાર્ટી યુવા મોર્ચા | ચિત્રા, ભાવનગર | ૫૬ |
| ૨૧.૦૬.૨૦૧૫ | વઘાસીયા પરિવાર | કાળીયાબીડ, ભાવનગર | ૫૫ |
| ૨૭.૦૬.૨૦૧૫ | ફાતીમા કોન્વેન્ટ હાઈસ્કૂલ | મેરૂબાગ, ભાવનગર (ગ્રુપીંગ) | ૧૬૭ |
| ૨૯.૦૬.૨૦૧૫ | સિધ્ધી વિનાયક મોટર્સ | ચિત્રા, ભાવનગર | ૧૭ |

---

## સંસ્થા સમાચાર

- ભાવનગર બ્લડ બેન્કને ડીસ્ટ્રીકટ ઈવેલ્યુએશન ફંડ (ડી.આઈ.એફ.) અંતર્ગત જીલ્લા આયોજન મંડળ દ્વારા ફાળવાયેલ ગ્રાન્ટમાંથી એફેરેસીસ મશીન (સીંગલ ડોનર પ્લેટલેટસ) કાર્યરત થઈ ગયેલ છે.

- તા. ૨૪.૦૪.૨૦૧૫ ના રોજ એકસલ ક્રોપ કેર ઈન્ડસ્ટ્રીઝના તરૂણ શિબિરના ૫૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોની થેલેસીમીયા સેન્ટર તથા બ્લડ બેન્કની મુલાકાત અને વાર્તાલાપ યોજાયેલ.

- ઉનાળાની સતત ગરમી, વેકેશનના માહોલને કારણે થેલેસીમીયાના બાળકોની લોહીની માંગને પહોંચી વળવા એક્સેલ ઈન્ડીયા લી., મધુ સીલીકા, જી.આઈ.ડી.સી. ચિત્રા એસોસિએશન, ખોજા શીયા ઈસ્ના અસરી જમાત, રાહુલ સોશ્યલ ગ્રુપ, ભાવનગર રજપૂત સમાજ વિગેરેનો ખૂબજ સુંદર સહયોગ પ્રાપ્ત થયેલ છે.

- તા. ૨૬.૦૬.૨૦૧૫ ના રોજ એસ.બી.આઈ. ટ્રેઈનીંગ સેન્ટરમાં કમળાબેન પરમાર તથા કલ્પનાબેન ગાગવાણીએ મોટીવેશન વર્કશોપમાં બ્લડ બેન્ક તથા થેલેસીમીયા સેન્ટરની માહિતી આપેલ.

- તા. ૨૭.૦૬.૨૦૧૫ ના રોજ ફાતીમા કોન્વેન્ટ હાઈસ્કૂલમાં મોટીવેશન વર્કશોપમાં કમળાબેન પરમારે વિસ્તૃત માહિતી આપેલ.

# એપ્રિલ-૨૦૧૫ થી જુન-૨૦૧૫

### લોહીની ખામીવાળા દર્દીઓને રકત વિતરણ

| માસ | થેલેસેમીયા લ્યુકેમીયા | ડાયાલીસીસ સીઆરએફ | એક્ષ્ચેન્જ ટ્રાન્સફયુઝન | કુલ |
|---|---|---|---|---|
| એપ્રિલ-૧૫ | ૩૭૮ | ૦૧ | ૦૦ | ૩૭૯ |
| મે-૧૫ | ૩૮૯ | ૦૪ | ૦૦ | ૩૯૩ |
| જુન-૧૫ | ૩૯૧ | ૦૩ | ૦૦ | ૩૯૪ |
| કુલ | ૧૧૫૮ | ૦૮ | ૦૦ | ૧૧૬૬ |

### જાતિ પ્રમાણે રકત વિતરણ

| માસ | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| એપ્રિલ-૧૫ | ૭૨૫ | ૪૯ | ૭૭૪ |
| મે-૧૫ | ૭૨૬ | ૩૭ | ૭૬૩ |
| જુન-૧૫ | ૭૮૫ | ૬૦ | ૮૪૫ |
| કુલ | ૨૨૩૬ | ૧૪૬ | ૨૩૮૨ |

### હોસ્પિટલ પ્રમાણે રકત વિતરણ

| માસ | ગવર્નમેન્ટ હોસ્પીટલ | સંસ્થાની હોસ્પીટલ | ખાનગી હોસ્પીટલ | કુલ |
|---|---|---|---|---|
| એપ્રિલ-૧૫ | ૧૧ | ૩૭૭ | ૩૮૬ | ૭૭૪ |
| મે-૧૫ | ૦૪ | ૩૮૬ | ૩૭૩ | ૭૬૩ |
| જુન-૧૫ | ૧૪ | ૩૯૩ | ૪૩૮ | ૮૪૫ |
| કુલ | ૨૯ | ૧૧૫૬ | ૧૧૯૭ | ૨૩૮૨ |

### કક્ષા પ્રમાણે રકત મેળવ્યું

| માસ | અવેજી | સ્વૈચ્છિક | કેમ્પ | કુલ |
|---|---|---|---|---|
| એપ્રિલ-૧૫ | ૦૫ | ૧૩૩ | ૫૦૦ | ૬૩૮ |
| મે-૧૫ | ૧૪ | ૧૦૪ | ૭૧૦ | ૮૨૮ |
| જુન-૧૫ | ૧૧ | ૧૯૯ | ૫૫૯ | ૭૬૯ |
| કુલ | ૩૦ | ૪૩૬ | ૧૭૬૯ | ૨૨૩૫ |

### જાતિ પ્રમાણે રકત મેળવ્યું

| માસ | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| એપ્રિલ-૧૫ | ૫૯૩ | ૪૫ | ૬૩૮ |
| મે-૧૫ | ૭૭૭ | ૫૧ | ૮૨૮ |
| જુન-૧૫ | ૭૧૬ | ૫૩ | ૭૬૯ |
| કુલ | ૨૦૮૬ | ૧૪૯ | ૨૨૩૫ |

### ગ્રુપ પ્રમાણે રકત વિતરણ

| માસ | AB | | A | | B | | O | | કુલ પોઝીટીવ | કુલ નેગેટીવ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Posi. | Neg. | Posi. | Neg. | Posi. | Neg. | Posi. | Neg. | | |
| એપ્રિલ-૧૫ | ૨૧૩ | ૧૪ | ૪૧૫ | ૪૦ | ૬૦૯ | ૩૨ | ૫૬૦ | ૪૦ | ૧૭૯૭ | ૧૨૬ |
| મે-૧૫ | ૯૦ | ૦૩ | ૧૯૨ | ૧૨ | ૨૪૩ | ૧૭ | ૨૪૭ | ૧૧ | ૭૭૨ | ૪૩ |
| જુન-૧૫ | ૧૬૦ | ૧૧ | ૩૮૭ | ૫૩ | ૬૬૨ | ૪૫ | ૬૮૫ | ૩૯ | ૧૮૯૪ | ૧૪૮ |
| કુલ | ૪૬૩ | ૨૮ | ૯૯૪ | ૧૦૫ | ૧૫૧૪ | ૯૪ | ૧૪૯૨ | ૯૦ | ૪૪૬૩ | ૩૧૭ |

### ગ્રુપ પ્રમાણે રકત મેળવ્યું

| માસ | AB | | A | | B | | O | | કુલ પોઝીટીવ | કુલ નેગેટીવ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Posi. | Neg. | Posi. | Neg. | Posi. | Neg. | Posi. | Neg. | | |
| એપ્રિલ-૧૫ | ૬૫ | ૦૫ | ૧૩૮ | ૦૮ | ૧૯૦ | ૦૯ | ૨૧૦ | ૧૩ | ૬૦૩ | ૩૫ |
| મે-૧૫ | ૫૯ | ૦૨ | ૧૮૦ | ૧૨ | ૩૦૧ | ૧૨ | ૨૫૩ | ૦૯ | ૭૯૩ | ૩૫ |
| જુન-૧૫ | ૬૫ | ૦૪ | ૧૬૦ | ૨૩ | ૨૨૭ | ૨૧ | ૨૪૯ | ૨૦ | ૭૦૧ | ૬૮ |
| કુલ | ૧૮૯ | ૧૧ | ૪૭૮ | ૪૩ | ૭૧૮ | ૪૨ | ૭૧૨ | ૪૨ | ૨૦૯૭ | ૧૩૮ |

# અહેવાલ



આ સેન્ટર પર મેજર થેલેસીમીયા ગ્રસ્ત બાળકોને વિનામૂલ્યે લોહી ચઢાવવામાં આવે છે અને આ સેન્ટર પર ભાવનગર ખાતેની શાળા અને કોલોનીના વિદ્યાર્થીઓને આ સેન્ટરની મૂલાકાત અને મૂલાકાત દ્વારા તેઓને અહીંયા પ્રોજેકટર સ્લાઈડ શો દ્વારા થેલેસીમીયા રોગ વિશેની સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવે છે. તથા થેલેસીમીયા રોગની ગંભીરતા સમજાવી રીપોર્ટ કરાવવા માટે તેઓને માહીતગાર કરવામાં આવે છે.

આ સેન્ટર પર છેલ્લા ત્રણ મહિનાઓમાં ચઢાવેલ બ્લડ યુનિટ અને દર્દીઓની યાદી નીચે મુજબ છે.

| | આવેલ દર્દીઓની સંખ્યા | ચઢાવેલ બ્લડ યુનિટની સંખ્યા |
|---|---|---|
| મે ૨૦૧૫ | ૨૩૨ | ૩૧૮ |
| જુન ૨૦૧૫ | ૧૯૮ | ૩૨૪ |
| જુલાઈ ૨૦૧૫ | ૧૯૦ | ૩૦૨ |

યાદીમાં ત્રણ મહિનામાં આવેલ કુલ દર્દીઓ ૬૨૦ તેમજ બ્લડ યુનિટ ૯૫૦

આમ અંદાજીત ૧૦૦૦ બ્લડ યુનિય થેલેસીમીયા મેજર બાળકોને દર ત્રણ મહિને ચઢાવવામાં આવે છે અને કાઉન્સેલીંગ દ્વારા થેલેસીમીયાગ્રસ્ત બાળકના માતા-પિતાને તેમજ પરિવારના થેલેસીમીક રીપોર્ટ કઢાવવા માટેની માહિતી પૂરી પાડવામાં આવે છે. તેમજ થેલેસીમીયા મેજર બાળકોને તેમની દવા અને ફોલીક એસીડ અંગેની માહિતી આ સેન્ટરના કાઉન્સેલર દ્વારા પૂરી પાડવામાં આવે છે.

પૂણેના ડૉ. વિજય રામાનંદ સાહેબ (હિમેટોલોજીસ્ટ) દ્વારા થેલેસીમીયા રોગની સારવાર દવા દ્વારા શરૂ કરેલ છે. જેનો લાભ આપણા સેન્ટરના ૧૦ (દસ) બાળકોએ લીધેલ છે. અને તેમાંથી ૨ દર્દીઓને સારૂ રીઝલ્ટ મળેલ છે. અને બીજા ૮ (આઠ) દર્દીઓએ દવા ચાલુ કરેલ છે.

## એપ્રિલ-૨૦૧૫ થી જુન-૨૦૧૫ દરમિયાન
## શ્રી આર.વી.શાહ થેલેસીમીયા સેન્ટરના થેલેસીમીક બાળકોના વાર્ષિક દત્તક દાતાશ્રીઓ કે જેમણે
## ''દત્તક યોજના'' હેઠળ થેલેસીમીક બાળકો દત્તક લીધા છે તેમની યાદી

| | |
|---|---|
| શ્રી નીતીનભાઈ એચ.શાહ (જે હિંમતલાલ એન્ડ કાું.) | ૫૦૦૦-૦૦ |
| શ્રી મહેશભાઈ હિરજીભાઈ રાણપુરા (બિલ્ડર) | ૫૦૦૦-૦૦ |
| સ્વ. ધારિત્રી પ્રદીપભાઈ દેસાઈ | ૫૦૦૦-૦૦ |
| હાઈટેક ઈન્વેસ્ટમેન્ટ કાસ્ટીંગ લી. શિહોર | ૧૦૦૦૦-૦૦ |
| શ્રી મનીષકુમાર ચંદુલાલ પટેલ | ૫૦૦૦-૦૦ |
| મેડીનેકસ સ્પેશ્યાલીટી કેમીકલ્સ પ્રા.લી., ઉખરલા | ૨૫૦૦૦-૦૦ |
| મેડીનેકસ લેબોરેટરીઝ પ્રા.લી., ઉખરલા | ૨૫૦૦૦-૦૦ |
| શ્રી મનીષભાઈ હરીભાઈ કોઠારી | ૫૦૦૦-૦૦ |
| સ્વ. સુષ્માબેન જૈન (મિશુ જૈન) | ૫૦૦૦-૦૦ |
| શ્રી કુંજનભાઈ જયપ્રકાશભાઈ દલાલ | ૧૦૦૦૦-૦૦ |
| ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પ્રિસીસન કાસ્ટીંગ લીમીટેડ | ૫૦૦૦-૦૦ |
| શ્રી સિરાઝભાઈ મનસુરઅલી માકડા | ૨૧૦૦૦-૦૦ |
| શ્રી અતુલભાઈ એલ. મહેતા | ૫૦૦૦-૦૦ |
| સંઘવી બ્રધર્સ, મુંબઈ | ૫૦૦૦-૦૦ |
| ડૉ. ભરતભાઈ જે. ભીમાણી | ૫૦૦૦-૦૦ |
| શ્રી ભરતભાઈ મોહનભાઈ નાકરાણી | ૫૦૦૦-૦૦ |
| શ્રી પાંચાભાઈ શીબાભાઈ ચૌહાણ, કમળેજ | ૫૦૦૦-૦૦ |
| શ્રી નરેન્દ્રસિંહ ધીરુભા રાણા, કમળેજ | ૫૦૦૦-૦૦ |
| શ્રી સ્વ. સંતોકબેન શામજીભાઈ ત્રાગડીયા | ૫૦૦૦-૦૦ |
| શ્રી મધુબેન નવીનચંદ્ર શાહ | ૫૦૦૦-૦૦ |
| શ્રી યુસુફભાઈ કાદરભાઈ લાગડા, મહુવા | ૫૦૦૦-૦૦ |
| શ્રી અરૂણભાઈ અમીચંદભાઈ મહેતા (એડવોકેટ) | ૫૦૦૦-૦૦ |
| શ્રી સ્વ. ઉષાબેન હરીશભાઈ પટેલ | ૧૦૦૦૦-૦૦ |
| શ્રી રાજીવભાઈ જે. ત્રિવેદી (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) | ૫૦૦૦-૦૦ |
| શ્રીમતી ઉષાબેન રાજીવભાઈ ત્રિવેદી | ૫૦૦૦-૦૦ |
| શ્રી પ્રતાપભાઈ આર. શેઠ | ૫૦૦૦-૦૦ |
| શ્રી અરૂણભાઈ ધીરજલાલ કોઠારી | ૧૦૦૦૦-૦૦ |
| શ્રી હરકાંતભાઈ ધીરજલાલ કોઠારી | ૫૦૦૦-૦૦ |

# ભાવનગર બ્લડ બેન્કમાં આધુનિક સુવિધાઓ

## HPCL

ભાવનગર બ્લડ બેન્ક છેલ્લા ૩૨ વર્ષથી જરૂરીયાતમંદ દર્દીઓને તેમની જરૂરીયાત મુજબનું રકત પુરું પાડવાનું કાર્ય કરે છે. છેલ્લા ૧૬ માસથી ભાવનગર બ્લડ બેન્ક ખાતે આર.વી.શાહ થેલેસીમીયા ટ્રાન્સફયુઝન સેન્ટર શરૂ કરવામાં આવેલ છે. આ સેન્ટરમાં થેલેસીમીયા બાળકોને વિનામૂલ્યે બ્લડ ટ્રાન્સફયુઝન કરવામાં આવે છે. થેલેસીમીયા જેવા પડકારરૂપ અસાધ્ય રોગને કાબુમાં લેવા માટે શાળા કોલેજમાં થેલેસીમીયા જાગૃતિ અભિયાન શરૂ કરવાની તાતી જરૂરીયાત છે. અમુક યુનિવર્સિટીમાં થેલેસીમીયા ટેસ્ટ કરવો ફરજિયાત પણ થયેલ છે.




ભાવનગર બ્લડ બેન્ક દ્વારા થેલેસીમીયા ટેસ્ટીંગ માટે અત્યંત આધુનિક એચ.પી.સી.એલ. મશીન રૂા. ૪૬ લાખની કિંમતનું રાજય સરકારની સહાયથી વસાવવામાં આવેલ છે. થેલેસીમીયા ટેસ્ટ બહાર લેબોરેટરીમાં ખૂબજ મોંઘા થાય છે. પરંતુ ભાવનગર બ્લડ બેન્ક દ્વારા સુજ્ઞ દાતાઓના સહકારથી ફકત રૂા. ૧૦૦/- ના ટોકન ચાર્જથી ટેસ્ટ કરી આપવામાં આવનાર છે. આવનારી પેઢીમાં આ રોગમાં કોઈ બાળક સપડાય નહીં તેની તકેદારીના ભાગરૂપે આ અભિયાનમાં શાળા / કોલેજના વિદ્યાર્થીઓ તથા જુદી જુદી જ્ઞાતિઓ જોડાઈ તેમનો ટેસ્ટ કરાવે તેવી અપીલ કરીએ છીએ.

આ અંગે જરૂરી વિશેષ માહિતી, વિગતો તથા પ્રેઝન્ટેશનની વ્યવસ્થા ભાવનગર બ્લડ બેન્ક ખાતે ઉપલબ્ધ છે. જેનો લાભ લેવા વિનંતી.

## Apheresis



ભાવનગર બ્લડ બેન્ક દ્વારા તાજેતરમાં રૂા. ૨૨ લાખના ખર્ચે અદ્યતન એફેરેસીસ મશીન જીલ્લા ઈનોવેશન ફંડની ગ્રાન્ટમાંથી વસાવવામાં આવેલ. આ મશીનથી ડેન્ગ્યુ તથા અન્ય જીવલેણ રોગના દર્દીઓને ખૂબજ ફાયદો થશે. આ મશીન બ્લડ બેન્કના ટેકનીશ્યન અવંતિકાબેન મહેતા, પાયલબેન પટેલ, જીતેન્દ્રભાઈ વિરડીયા દ્વારા સંચાલન કરી દર્દીઓને તેમની જરૂરીયાત મુજબનું સીંગલ ડોનર પ્લેટલેટ્સ પુરુ પાડવામાં આવે છે.

Few drops of your blood



Can Help a Lift to
bloom

## સેવાનો સમિયાણો
## નિવૃત બેન્કર શ્રી એચ. કે. શાહ



શ્રી એચ. કે. શાહ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના કર્મચારી હતા. ૩ વર્ષ પહેલા તેઓ સેવામાંથી નિવૃત થતા તેમણે ભાવનગર બ્લડ બેન્કમાં સ્વૈચ્છિક સેવા આપવાનો નિર્ધાર કરેલ. એચ.કે. શાહ નિયમિત તેઓના તિલકનગર સ્થિત નિવાસ સ્થાનેથી વિટકોસ બસ દ્વારા સવારે ૯-૩૦ કલાકે નીકળી સવારે ૧૦ કલાકે બ્લડ બેન્ક પહોંચી બ્લડ ડોનર ડેટા કમ્પ્યુટરમાં ફીડ કરવાનું કાર્ય નિયમિતપણે કોઈપણ જાતનું માનદ્ વેતન લીધા વગર કરે છે. આવા અદના આદમીને લાખ લાખ સલામ...

## ભાવનગર નાગરીક સહકારી બેન્ક દ્વારા માતબર ડોનેશન

ભાવનગર નાગરીક સહકારી બેન્ક લી. દ્વારા તાજેતરમાં ભાવનગર બ્લડ બેન્કને રૂા. ૨૭,૦૦૦/- (સત્યાવીસ હજાર પુરા) નું દાન મળેલ છે. આ માટે ભાવનગર નાગરીક સહકારી બેન્કના ચેરમેન શ્રી જીતુભાઈ ઉપાધ્યાય તથા મેનેજીંગ ડીરેકટર શ્રી પ્રદિપભાઈ દેસાઈ અને તેમની ડાયરેકટર ટીમનો ભાવનગર બ્લડ બેન્ક ખૂબ ખૂબ આભાર માને છે.

સ્વ. ડૉ. દીપકભાઈ ભટ્ટના આત્મશ્રેયાર્થે તેમના પરિવાર તરફથી રૂા. ૧૫૦૦/- દાન મળેલ છે.

ભાવનગર બ્લડ બેન્ક ટ્રસ્ટ રજિસ્ટર નં. ઈ-૮૬૨
પ્રકાશક અને માલિક : ભાવનગર બ્લડ બેન્ક, તંત્રી : સંજયભાઈ દેસાઈ
મુદ્રક : અજય ભાલાલા, ભાવનગર - ફોન નં. ૨૫૧૫૮૮૬
પ્રકાશન સ્થળ : સરદારનગર, ભાવનગર.
સંસ્થાને અપાતું દાન ૮૦-જી હેઠળ કરમુક્ત છે.

ભાવનગર બ્લડ બેન્ક ન્યૂઝ મેગેઝીન

PRINTED MATTER

Book Post

પ્રતિ ______

ભાવનગર બ્લડ બેન્ક
મ્યુ.શોપીંગ સેન્ટર, પહેલા માળે, સરદારનગર, ભાવનગર ફોન : ૦૨૭૮-૨૫૬૧૫૨૬ ફોન/ફેકસ : ૦૨૭૮-૨૫૬૯૯૫૭
e-mail : bhavnagarbloodbank@yahoo.co.in • www.bhavnagarbloodbank.org